ગુરુનિષ્ઠા-અભેદ્યકવચ

જિજ્ઞાસુ : ગુરુદેવના સાંનિધ્યમાં રહી વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા કરનાર શિષ્ય સમય જતાં ગુરુદેવની સામે પડે તો તે શિષ્યે ગુરુદેવનો દ્રોહ કર્યો કહેવાય કે નહી?

શ્રી યોગભિક્ષુજી : પ્રથમ તો ગુરુદેવના સાંનિધ્યમાં રહી નિષ્ઠાપૂર્વક સેવા કરનાર શિષ્ય દ્રોહ શા માટે કરે તે વિચારવું રહ્યું. ગુરુદેવના સાંનિધ્યમાં રહેનાર શિષ્યને તેના ગર્ભસંસ્કાર પ્રમાણે ગુરુદેવ માર્ગદર્શન આપતાં હોય છે અને તેને યોગમાર્ગમાં પ્રવૃત્ત કરતા હોય છે અને આ સમય દરમ્યાન જરૂરી લાગે તો તેની પરીક્ષા પણ લેતા રહે છે. કયાંક એવું પણ જોવા મળતું હોય કે ગુરુદેવ શિષ્યની પરીક્ષા લેવાનું પસંદ પણ કરતાં નથી. તેવી સ્થિતિમાં ભગવાન, શિષ્યની ગુરુનિષ્ઠાની પરીક્ષા માયાનો ઉપયોગ કરીને લેતા હોય એવું બને; તેવા સંજોગોમાં ગુરુનિષ્ઠ શિષ્યનું જે માર્ગે અધઃપતન થઈ શકે તેમ હોય તે માર્ગને અપનાવે, માયાને તે રૂપે તેની પાસે મોકલે.

ત્રણ પ્રકારની એષણાઓ છે : પૈસો, કીર્તિ, માન, મોભો, પતિ, પત્ની, પુત્ર વગેરે; આમાંથી કોઈ પણ સ્વરૂપે ગુરુનિષ્ઠ શિષ્ય પાસે માયા આવે છે. આ મહાઠગિની માયાની જાળમાં જો શિષ્ય ફસાય તો તેની ગુરુનિષ્ઠા ડગવાની શકયતા ખરી, અને એવું શકય બને તો સૌથી વધુ ગુરુનિષ્ઠ શિષ્ય પણ પોતાના ગુરુદેવને માટે ખોટા વિચારો કરતો થઈ જાય, પોતાના ગુરુદેવની છડેચોક નિંદા કરતો થઈ જાય. આ રીતે શિષ્ય પોતાના પગ ઉપર કુહાડી મારે અને અકલ્યાણરૂપી મૃત્યુને આમંત્રે. ગુરુદેવ તો એવા શિષ્ય માટે પણ પોતાના મનમાં સહેજ પણ ખોટા-ખરાબ વિચારને આવવા દેતા નથી. તેઓ તો એવા શિષ્યોનું પણ કલ્યાણ જ ઇચ્છે છે.

શિષ્ય જ્યારે ગુરુદેવને સર્વપ્રથમ મળ્યો ત્યારે તેની પાસે કંઈ જ ભૌતિક સંપત્તિ નહોતી. પરંતુ વર્ષો બાદ ભૌતિક સંપત્તિ આવવાની શરૂ થાય અને તેથી જો શિષ્યની મતિ બગડે તો તે ગુરુદેવ વિશે ખરાબ વિચાર કરવા પ્રેરાય. ભૌતિક સંપત્તિ ન હતી ત્યારે ગુરુદેવ વહાલા હતા અને ભૌતિક સંપત્તિ આવવા લાગી ત્યારે ગુરુદેવ કરતાં પણ જો ભૌતિક સંપત્તિ વહાલી લાગવા માંડે તો પછી તેવા શિષ્યની શી હાલત થાય? ગુરુદેવને તો ભૌતિક સંપત્તિ નહોતી ત્યારે કે ભૌતિક સંપત્તિ આવવા માંડી ત્યારે પણ શિષ્ય માટે જે ભાવ હતો તે કાયમ રહ્યો પરંતુ શિષ્ય સંપત્તિ પચાવી ન શકયો. આવી પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે તેનાં વર્ષોનાં સેવા અને સાંનિધ્ય ડગવા માંડે.

સામાન્ય જીવનવ્યહારની વાત કરીએ તો પણ એક જ માતાની કૂખે જન્મેલ બે ભાઈઓ પરણ્યા ન હોય ત્યાં સુધી એકબીજા માટે ઘણો પ્રેમભાવ ધરાવતા હોય છે, પરંતુ લગ્ન પછી એ પ્રેમભાવ કેટલો ટકે છે? પ્રેમને બદલે દ્વેષભાવ આવી જાય અને એ દ્વેષભાવ એટલે સુધી પહોંચે છે કે બંને એકબીજા સાથે બોલવાનો વ્યવહાર પણ બંધ કરી દે છે અને કોઇક કિસ્સામાં એથી આગળ વધી એકબીજાના જીવ ઉપર પણ આવી જાય છે. આ જ રીતે જગતમાં પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-પુત્રી, બાપ-દીકરા વચ્ચે આમ બનતું જોવા મળે છે. તો તેમાં આપણને આશ્ચર્ય થાય છે? સમય જતાં આ વાતને સ્વીકારી લઈએ છીએ ને?

ગુરુશિષ્યના સંબંધમાં તો ગુરુશિષ્યનું મિલન આકસ્મિક થયેલું હોય છે. ગુરુદેવ કયાંકથી આવ્યા હોય, શિષ્ય કયાંકથી આવ્યો હોય, સત્સંગમાં કે બીજા કોઈ નિમિત્તે તેઓ એકબીજાને ઓળખતા થયા હોય. શિષ્યને તેમના પ્રવચનમાંથી અથવા બીજા સાહિત્યમાંથી ગુરુદેવ પ્રત્યે પૂજ્યભાવ જાગે અને આમ તે ગુરુદેવને મળતો થાય. આવા નિમિત્તમાંથી બંધાયેલા સંબંધો

વર્ષો  જતાં ગુરુ-શિષ્ય સંબંધમાં પરિણમે. અને આવી આકસ્મિક મુલાકાતથી બંધાયેલા સંબંધો તૂટે તો તેમાં આશ્ચર્ય જેવું લાગવું ન જોઈએ.

ગુરુદેવ સાથે વર્ષો સુધી રહી નિષ્ઠાપૂર્વક સેવા કરનાર શિષ્ય જ્યારે ગુરુદેવ સાથેના સંબંધો તોડી નાખે છે ત્યારે શું થાય છે? ગુરુમાંથી એ શિષ્યની નિષ્ઠા કોઈપણ કારણસર નાશ પામે એટલે ધીમેધીમે શિષ્ય ગુરુથી દૂર રહેવા લાગે. ગુરુથી દૂર રહે એટલે ગુરુ સાથેનો પ્રેમ નષ્ટ થવા માંડે. જે સૂક્ષ્મ પ્રેમતંતુના માધ્યમથી એકતા હતી, જેના દ્વારા શિષ્યને જ્ઞાન મળી રહેતું હતું, જેના વડે તેની અને તેનાં ગુરુદેવ વચ્ચે દૂર રહેવા છતાં સંપર્ક ચાલુ રહેતો હતો, ગુરુને થતી જ્ઞાનની સ્ફુરણાઓ-સદ્‌વિચારો જે પ્રેમના તાર દ્વારા તેના સુધી પહોંચતા હતા અને એ પ્રેમરૂપી બંધનને લીધે એ લઘુપણામાંથી ગુરુપણા તરફ ગતિ કરતો હતો, એ તાર તૂટી જાય છે; નષ્ટ થઈ જાય છે. અને એ પ્રેમબંધન તૂટી જતાં ક્રમશઃ એ અજ્ઞાનતાના ગર્તમાં ઊતરતો જાય છે, ગુરુપણામાંથી લઘુપણામાં આવતો જાય છે અને અંતે પોતાનું જ અકલ્યાણ કરી બેસે છે.

આમ હોવાં છતાં શિષ્યે કરેલી સેવાના કારણે તેની આસપાસ એક અભેદ્ય કવચ એવું તો રચાયેલું હોય છે કે જેથી શિષ્યનું કોઈ જ કશું બગાડી શકતું નથી, સિવાય કે તે પોતે. મહાભારતના યુધ્ધનો એક દાખલો અભેદ્ય કવચની કાંઈક સમજણ આપી જાય છે.

અભિમન્યુનું મૃત્યુ થાય એવી ઇચ્છા શ્રીકૃષ્ણની પણ હતી. શ્રીકૃષ્ણે પાતાળમાં લડાઈ છેડી અર્જુનને ત્યાં મોકલી પ્રથમ પિતાનું રક્ષણ ખેંચી લીધું. મંગળધ્વજ નામના હાથીને ગાંડો કરી તેની સામે ભીમને મોકલી ભીમનું રક્ષણ દૂર કર્યું. લડાઈમાં લડતાં લડતાં અભીમન્યુનું શરીર તીરથી છેદાઈને ચારણી જેવું થઈ ગયું હોવા છતાં તે લડાઈમાંથી હટતો નથી કે મરતો નથી. ભગવાનને આશ્ચર્ય થયું, આમ કેમ? ત્યાં જ તેમની નજર અભિમન્યુના હાથ પર પડી જ્યાં કુંતામાતાએ બાંધેલી રાખડીનો એક તંતુ હજુ પણ ચોંટેલો હતો. તેઓ તરત પરિસ્થિતિને સમજી ગયા. સીધા તો જઈ શકતા નથી એટલે ઉંદરનું સ્વરૂપ લઈને અભિમન્યુને ખબર ન પડે તેમ તે રક્ષાના છેલ્લા તંતુને લઈ લે છે. તંતુ જતાં જ અભિમન્યુ મૃત્યુ પામે છે. આ થઈ સાંસારિક સંબંધથી બંધાયેલી રક્ષાની વાત.

સાંસારિક સંબંધ - ભૌતિક સંબંધે સંકળાયેલી રક્ષામાં આટલી બધી તાકાત હોય તો ગુરુશિષ્યના સંબંધો, અને તેને લીધે શિષ્યની આસપાસ ગુરુદેવની રક્ષાનું કેવું અભેદ્ય, દુર્ગમ કવચ રચાતું હશે તેની કલ્પના થઈ શકે ખરી?! અંતઃકરણપૂર્વકની ભૌતિક રક્ષાથી રક્ષાયેલ જીવને મારવા માટે પણ જો ભગવાન સમર્થ ન હોય તો પછી સૂક્ષ્મ રક્ષાથી રક્ષાયેલ શિષ્યનું ભગવાન શું બગાડી શકે? ભગવાન પણ આવા શિષ્યને મારી શકતા નથી.

આમ, ગુરુદેવની સેવાથી પ્રાપ્ત શિષ્યના સૂક્ષ્મ અભેદ્ય કવચને તોડવા માટે ભગવાનને માયાનો ઉપયોગ કરવો પડે, જેમ અભિમન્યુને મારવા ઉંદરનું રૂપ લેવું પડ્યું તેમ. માયા જ્યારે શિષ્ય ઉપર પોતાનો ફંદો નાખે તે વખતે શિષ્ય જો ખૂબ જ સજાગ, સચેત, સાવધાન રહે અને જે કાંઈ પણ ભોગ આપવો પડે તે આપવા તૈયાર રહે અને ગુરુનિષ્ઠામાંથી ડગે નહી તો એ શિષ્ય, શિષ્ય ન રહેતાં ગુરુ બની જાય છે. પછી તો ભગવાન કે માયા પણ તે શિષ્યનું કાંઈ બગાડી શકતાં નથી.

આમ, ગુરુદેવના સાંનિધ્યમાં વર્ષો  સુધી રહી એકનિષ્ઠાથી સેવા કરનાર શિષ્યને અભેદ્ય કવચ પ્રાપ્ત થાય છે. ગુરુનિષ્ઠા એટલે જ અભેદ્ય કવચ.